**આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ૧૦ (દસ) નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવા માટેની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:TDD/CTL/e-file/25/2023/0200/G
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

**(૧)** શિક્ષણ અને મજુર વિભાગનાતા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવ ક્રમાંક: બીસીએચ/૧૦૬૭/ ૩૭૦૮(૬૯)/જ

**(૨)** નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીનો તા.૦૧/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક:આવિ/છતલ/૧/ફા.નં./૨૦૨૨-૨૩ તથા તા.૧૩/૦૨/૨૦૨૩ પત્ર ક્રમાંક:આવિ/છતલ/૧/ ફા.નં. /૨૦૨૨-૨૩

**આમુખ** :

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજના અન્ય વર્ગોની હરોળમાં રહી હરીફાઈ કરી શકે તેવા હેતુથી અભ્યાસ કરતાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરી પોતાનું જીવનધોરણ સુધારી શકે તે ઉમદા હેતુ માટે વંચાણે લીધા ક્રમ (૧)સામેના શિક્ષણ અને મજુર વિભાગના તા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી પછાતવર્ગ માટેની છાત્રાલયોને માન્યતા આપવામાં આવે છે. જે મુજબ ૧૦ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચાલુ કરવા બાબતે નિયામકશ્રી (આ.વિ.)એ આ અંગેની વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૪૩.૨૦ લાખ નિભાવ ખર્ચ તથા રૂ.૨૭.૫૪ લાખ મહેકમ ખર્ચ એમ કુલ રૂ.૭૦.૭૪ લાખની માંગણી ક્રમાંક: ૯૬ હેઠળની નવી બાબતનો સમાવેશ કરવા વંચાણે લીધેલા ક્રમ(૨) પરના પત્રથી દરખાસ્ત કરેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ આદિજાતિ વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ૧૦ નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવા માટેની માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ કુલ અંદાજીત ખર્ચ રૂ.૭૦.૭૪ લાખની(અંકે રૂપિયા સીતેર લાખ ચુંમોતેર હજાર પુરા) સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહિ તે મુજબનું આયોજન કરવાની નિયામકશ્રી(આ.વિ)એ રાખવાની રહેશે

(૨) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થી સંસ્થાની પસંદગી કરવાની રહેશે, તેમજ આ રીતે પસંદ થયેલ સંસ્થાઓએ વિદ્યાર્થી/લાભાર્થીની પસંદગી માટે પારદર્શક પ્રક્રિયા અનુસરવાની રહેશે.

(૩) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GEM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ Gem Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર (NO OBJECTION CERTIFICATE) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરાવનું રહેશે.સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫) નાણાંકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

(૬) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૭) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૮) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૯) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૦) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૧) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થી સંસ્થાને આપવાનો રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ:૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે

(૧૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૬) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૮) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે..

(૧૯) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) સદરહુ સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ૧૦(દસ)નવા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો શરૂ કરવા માટે નિયામકશ્રી (આ.વિ) દ્વારા પાત્રતા ધરાવતી સંસ્થાઓની નિયમોનુસાર પારદર્શી રીતે પસંદગી કરી, સરકારશ્રીમાં દરખાસ્ત રજૂ કરી, જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને ત્યારબાદ જ ખર્ચ કરવાનો રહેશે તેમજ સમગ્ર વિસ્તાર/ઝોન સમાન રીતે લાભાન્વિત થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્ર હેઠળની માંગણી ક્રમાંક: ૯૬ , મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬-આ.વિ.પે.યો, પેટા સદર: ૦૫ વીકેવાય-૧૦-સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત છાત્રાલયો માટે સહાયક અનુદાન હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૩/૦૪/૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદેવસિંહ વાઘેલા
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.05.17 18:02:42 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign